-૨૫૦-૧૦-૨૦૧૪

# ગુજરાત યુનિવર્સિટી

ક્રમાંક:પરીક્ષા/ઓબ્ઝર્વર/ ૩૧૪૯ /૨૦૧૪
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦ ૦૦૯
તા. ૧૪-૧૦-૨૦૧૪

**ટોચ અગ્રિમતા / ખાસ જરૂરી**

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્થાનિક કોલેજોના આચાર્યશ્રીઓ.

**વિષય :ગુજરાત યુનિવર્સિટી દ્વારા નવેમ્બર/ડિસેમ્બર-૨૦૧૪માં લેવાનાર પરીક્ષાઓમાં ઓબ્ઝર્વરશ્રી અંગેની કામગીરી કરવા માહિતી મોકલી આપવા અંગે.**

**શ્રીમાન,**

ગુજરાત યુનિવર્સિટી દ્વારા નવેમ્બર/ડિસેમ્બર-૨૦૧૪માં લેવાનાર જુદી-જુદી વિદ્યાશાખાની પરીક્ષાઓમાં બહારગામ તેમજ સ્થાનિક પરીક્ષા કેન્દ્રો ઉપર ઓબ્ઝર્વરશ્રી તરીકેની કામગીરી બજાવવા માટે આપની કોલેજમાં અધ્યાપક તરીકેની ફરજ બજાવતા હોય તેવા તમામ અધ્યાપકનાં નામ, સરનામાં અને મોબાઈલ નંબર વગરે વિગતો સામેલ નમૂના મુજબના પત્રક (અ)માં માહિતી તારીખ ૦૮-૧૧-૨૦૧૪ સુધીમાં online submission કરી આપની કૉલેજનાં તમામ અધ્યાપકોની એન્ટ્રી વર્ડ ફાઈલમાં પત્રક-અ મુજબ તૈયાર કરી, યુનિવર્સિટીએ કૉલેજને ફાળવેલ મેઈલ આઈ.ડી. exam_dept@gujaratuniversity.ac.in પર online સબમીટ કરવા વિનંતી છે. આપના દ્વારા મોકલવામાં આવેલ મેઈલમાં કૉલેજનું નામ અને કૉલેજ કોડ અવશ્ય દર્શાવવો. વધુમાં આ માહિતીની હાર્ડ કોપીની એક નકલ યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં પરીક્ષા નિયામકશ્રીનેઆચાર્યશ્રીના સહીસિક્કા સાથે મળે તેમ વ્યવસ્થા કરવા વિનંતી છે. આપના દ્વારા મોકલવામાં આવેલ અધ્યાપકોને યુનિવર્સિટી તરફથી આપવામાં આવેલ કામગીરી જે તે સમયે સંપૂર્ણપણે બજાવવાની રહેશે આ અંગેની જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

**આ યાદીમાંથી માન. કુલપતિશ્રી નક્કી કરે તે સમયે અને તેટલી સંખ્યામાં ઓબ્ઝર્વર તરીકે નિમણૂંકો કરવામાં આવશે.**

વધુમાં જણાવવાનું કે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીનો તા. ૧-૩-૨૦૦૮ના પત્ર ક્રમાંક:કવટ-૧(૧)યુનિ.-૨૦૦૮/૨૦૩૭-૩૮ અને યુનિવર્સિટીના તા. ૧૭/૧/૨૦૦૩ના પત્રાંક : પરીક્ષા-૩૨૯૧૩-૨૦૦૩ તરફ ધ્યાન દોરી જણાવવાનું કે (જનરલ નિયમ : ૪માં દર્શાવ્યા મુજબ) યુનિવર્સિટીએ સોંપેલ પરીક્ષા અંગેની તમામ કામગીરી ફરજીયાત કરવાની છે. સમયમર્યાદામાં પૂરતાં નામ મોકલી આભારી કરશો.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

કુલસચિવ

## પત્રક (અ)

કોલેજનું નામ : ____________________

| અનુ. | પ્રાધ્યાપકશ્રીનું પૂરું નામ તથા હોદ્દો | પૂર્ણ સમય / ખંડ સમય / મલાકાતી / સહ. અધ્યાપક | પ્રાધ્યાપક તરીકેનો અનુભવ (વર્ષ) | ઘરનું પૂરું સરનામું | ફોન/મોબાઈલ નંબર (ઘર - કોલેજ) |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

આચાર્યશ્રીની સહી અને સિક્કો